# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,ભુજ

PGVCL

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૧૯ № 022

તારીખ: 25 JAN 2019

રજી. એ.ડી. દ્વારા

પ્રતિશ્રી,
એસ્ટોન પેપર બોર્ડ મીલ લીમીટેડ,
સર્વે નં- ૬૪/૧, ચુબડક ગામ,
રતનાલ એસર પેટ્રોલ પંપની બાજુમાં,
ભુજ-અંજાર હાઇવે, ભુજ-કચ્છ. મોબાઇલ નંબર:-૯૮૨૫૮૦૧૪૦૬/૯૮૨૫૨૨૪૭૫૧

વિષય :– કેસ નંબર પીજી૦૩/૦૦૫/૨૦૧૮-૧૯
સંદભ:–આપનીઅરજી નોંધણી નં. પીજી૦૩/૦૦૫/૨૦૧૮-૧૯

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

(એસ એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ
(૧) કાર્યપાલક ઈજનેર,પીજીવીસીએલ,વિભાગીય કચેરી, ભુજ
(૨)નાયબ ઈજનેર,પીજીવીસીએલ,પેટાવિભાગીય કચેરી, માધાપર

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮

**E-Mail-** forumbhuj.pgvcl@gebmail.com


નં કેસી/સીજીઆરએફ/૨૦૧૯/ № 022 તારીખ: 25 JAN 2019

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-03-005-2018-19.

અરજદાર: એસ્ટ્રોન પેપર એન્ડ બોર્ડ મીલ લીમીટેડ
યુનીટ-૨, સીરીયલ નંબર: ૬૪/૧, ચુબડક સીમ,
રતનાલ એસ્સાર પેટ્રોલ પંપની બાજુમાં,
ભુજ-અંજાર હાઈવે, ભુજ(કચ્છ)

રજૂઆત કરનાર: (૧) શ્રી પિયુષ પરમાર(પ્લાન્ટ સુપરવાઈઝર) – અધિકૃત પ્રતિનીધી
(૨) શ્રી ઉમેશ સેંઘાણી(એડમીન વિભાગ) – અધિકૃત પ્રતિનીધી

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ,વિભાગીય કચેરી,ભુજ

રજૂઆત કરનાર: (૧) શ્રી કે.આર.વરસાણી,કાર્યપાલક ઈજનેર,પીજીવીસીએલ,વિભાગીય કચેરી,ભુજ(કચ્છ)
(૨) શ્રી એ.ડી.ત્રિપાઠી,નાયબ ઈજનેર,પીજીવીસીએલ,માધાપર પેટાવિભાગ, ભુજ(કચ્છ)
(3) શ્રી એન.પી.દિવાન,જુનિયરઈજનેર,પીજીવીસીએલ,માધાપર પેટાવિભાગ, ભુજ(કચ્છ)

## :: કોરમ ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.
તારીખ: ૨૮/૧૨/૨૦૧૮

સદર કેસની સુનાવણી તા.૧૪/૧૨/૨૦૧૮ના રોજ નક્કી કરવામાં આવેલ. અનીવાર્ય સંજોગોના હિસાબે અરજદાર ઉપસ્થિત રહી શકેલ નથી. બીજું હીયરીંગ તા.૨૮/૧૨/૨૦૧૮ના રોજ રાખવામાં આવેલ ત્યારે સદર કેસની સુનાવણી કરવામાં આવેલ.



Scanned by CamScanner

# :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી એસ્ટ્રોન પેપર બોર્ડ મીલ લીમીટેડ-પીજીવીસીએલ વિભાગીય કચેરી-ભુજ-ડીવીઝન હેઠળ માધાપર સબ ડીવીઝન ખાતે ૧૩૫૦ કેવીએ એચ.ટી. કનેક્શન ધરાવે છે, જેનો ગ્રાહક નંબર: ૩૧૬૮૮ છે.

૧.૧ અરજદાર સર્વે નંબર ૬૪/૧ ચુબડક ખાતે રતનાલ એસ્સાર પેટ્રોલ પંપની બાજુમાં ભુજ અંજાર હાઈવે ભુજ(કચ્છ) ખાતે સદર પ્લાન્ટ ખાતે ક્રાફ્ટ પેપરનું ઉત્પાદન કરે છે.

૧.૨ પીજીવીસીએલ તરફથી મળતો વીજપુરવઠો અનીયમીત મળતો રહે છે. જે ટ્રીપીંગને કારણે દિવસમાં ૩ થી ૪ વાર પ્રોડક્શન લોસ,આર્થીક લોસ તેમજ સતત પ્રક્રિયા હોવાથી પ્રોડક્શન રેગ્યુલર લઈ શકાતું નથી. મશીનરી વારંવાર ચાલુ બંધ થતી હોવાથી નુક્શાન આવે છે.

૧.૩ એકવાર પાવર ટ્રીપીંગને કારણે બોઈલર પ્રોસેસમાંથી આવતી સ્ટીમમાં રૂકાવટ આવી જાય છે. જેથી એકવાર ટ્રીપીંગ થઈને ફરીથી મશીનરી(પ્લાન્ટ) પ્રોસેસ ચાલુ કરવામાં ઓછામાં ઓછો ૩ થી ૪ કલાકનો સમય નીકળી જાય છે.

૧.૪ અરજદાર દ્વારા અલગ-અલગ માસ માટે પાવર વિક્ષેપનો ચાર્ટ રજૂ કરવામાં આવેલ છે. આ ચાર્ટ મુજબ અલગ-અલગ માસ માટે નીચે દર્શાવ્યા મુજબ પાવર વિક્ષેપ થયેલ છે.

| ક્રમ | માસ | કુલ વિક્ષેપ | કુલ સમયગાળો કલાક/મિનિટ |
|---|---|---|---|
| ૧ | ફેબ્રુઆરી ૨૦૧૮ | ૧૧ વખત | ૦૩ કલાક – ૨૬ મિનિટ |
| ૨ | માર્ચ૨૦૧૮ | ૨૭ વખત | ૧૬ કલાક – ૪૪ મિનિટ |
| ૩ | એપ્રિલ ૨૦૧૮ | ૨૨ વખત | ૩૭ કલાક – ૪૫ મિનિટ |
| ૪ | મે ૨૦૧૮ | ૧૭ વખત | ૦૮ કલાક – ૦૪ મિનિટ |
| ૫ | જૂન ૨૦૧૮ | ૩૪ વખત | ૩૮ કલાક – ૫૯ મિનિટ |

૧.૫ અરજદારશ્રીએ પીજીવીસીએલ માધાપર પેટાવિભાગ તથા ભુજ વિભાગીય કચેરી તેમજ રાજકોટ કોર્પોરેટ ઓફીસે પત્ર તેમજ ટેલીફોન દ્વારા ફરીયાદ કરેલ છે.

૧.૬ અરજદારશ્રી એસ્ટ્રોન પેપર બોર્ડ મીલ લીમીટેડ દ્વારા સત્વરે વીજજોડાણમાં ટ્રીપીંગ બંધ થવા અંગે તથા વીજપુરવઠો નિયમિત મળી રહે તે માટે ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

# :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ સદર ગ્રાહક મેસર્સ એસ્ટ્રોન પેપર બોર્ડ મીલ લીમીટેડ ગામ-ચુબડક મધ્યે ૧૩૫૦ કેવીએનું એચ.ટી.કનેક્શન ગ્રાહક નંબર: ૩૧૬૮૮થી ધરાવે છે.

૨.૧ સદર ગ્રાહકને ૬૬ કેવી વાજડી સબસ્ટેશનના ૧૧ કેવી જાગનાથ જ્યોતિગ્રામ ફીડરમાંથી પાવર આપવામાં આવે છે.

૨.૨ સદરહુ ફીડરની સર્કિટ લંબાઈ ૨૦ કિમીથી વધારે છે.

૨.૩ સદર ફીડર ઉપર ૩(ત્રણ) ગામ : (૧) ગાંધેર (૨)ચુબડક તથા(૩) સૈયદપરને પાવર આપવામાં આવે છે.



Scanned by CamScanner

૨.૪ સદર જ્યોતિગ્રામ ફીડર માધાપર તથા કુકમા સબડીવીઝનના કાર્યક્ષેત્ર હેઠળ આવતા કુલ ૭(સાત)ખેતીવાડી ફીડરને અલગ અલગ જગ્યાએ ક્રોસ થાય છે.

૨.૫ સદર જ્યોતિગ્રામ ફીડરમાં કુલ ૧૯(ઓગણીસ) જેટલાં ક્રોસીંગ આવે છે.

૨.૬ સદર ફીડરનો અમુક ભાગ ફોરેસ્ટ એરીયાના ઝાડીવાળા વિસ્તારમાંથી પસાર થાય છે.

૨.૭ પીજીવીસીએલની રજૂઆત મુજબ સદર ગ્રાહકને છેલ્લા બે માસથી ૯૯% જેટલો પાવર સપ્લાય આપવામાં આવેલ છે. છેલ્લા બે માસની વીજ વિક્ષેપની વિગત નીચે દર્શાવ્યા મુજબ છે.

| ક્રમ | માસ | કુલ વિક્ષેપ | સમયગાળો(કલાક/મિનિટ) |
|---|---|---|---|
| ૧ | સપ્ટેમ્બર ૨૦૧૮ | ટીટી– ૦૨ વખત<br>ઈએસડી- ૦૪ વખત | કુલ બ્રેક ડાઉન<br>૦૬ કલાક : ૨૫ મિનિટ |
| ૨ | ઓક્ટોબર ૨૦૧૮ | ટીટી– ૦૩ વખત<br>એસએફ/ઈએસડી- ૦૫ વખત | કુલ બ્રેક ડાઉન<br>૦૯ કલાક : ૪૫ મિનિટ |

## :: હુકમ ::

૩.૦ સદર ફરીયાદના અનુસંધાને સામાવાળા કાર્યપાલક ઈજનેર તથા જુનીયર ઈજનેર તા.૧૪/૧૨/૨૦૧૮ના રોજ ઉપસ્થિત રહેલ. અરજદાર દ્વારા લગ્નપ્રસંગ હોવાથી ઉપસ્થિત નહીં રહેવાની અરજી આપવામાં આવેલ.

૩.૧ બાદમાં અન્ય તા.૨૮/૧૨/૨૦૧૮ના રોજ અરજદાર કંપની ડાયરેક્ટર વતી તેમના ૨(બે) પ્રતિનીધી ઉપસ્થિત રહેલ, જ્યારે સામાવાળા તરફથી નાયબ ઈજનેર માધાપર સબડીવીઝન ઉપસ્થિત રહેલા.

૩.૨ અરજદારશ્રી એસ્ટ્રોન પેપર બોર્ડ મીલ લીમીટેડનું ૧૩૫૦ કેવીએનું એચ.ટી. કનેક્શન ગ્રામ્ય વિસ્તારમાં એટલેકે ચુબડક ગામની સીમમાં આવેલું છે.

૩.૩ સદર કનેક્શન ૬૬ કેવી વાવડી સબસ્ટેશનના જ્યોતિગ્રામ ફીડર – ૧૧ કેવી જાગનાથ ફીડરમાંથી આપવામાં આવેલ છે. જેમાંથી ૩(ત્રણ) ગામ : (૧) ગાંધેર (૨)ચુબડક તથા(૩) સૈયદપરના ગ્રામ્ય ગ્રાહકોને કનેક્શનો આપવામાં આવેલ છે. સદર ફીડરની સર્કીટ લંબાઈ ૨૦ કિમીથી વધારે છે.

૩.૪ સદર ૧૧ કેવી જાગનાથ જ્યોતિગ્રામ ફીડર માધાપર તથા કુકમા સબડીવીઝનના કાર્યક્ષેત્ર હેઠળના કુલ ૭(સાત) ખેતીવાડી ફીડર સાથે અલગ અલગ ૧૯(ઓગણીસ) જગ્યાએ ક્રોસ થાય છે.

૩.૫ સદર જ્યોતિગ્રામ ફીડર ફોરેસ્ટ એરિયાના ઝાડીવાળા વિસ્તારમાંથી પસાર થાય છે.

૩.૬ ઉપરોક્ત વાસ્તવિક કારણો સબબ જ્યારે જ્યારે ખેતીવાડી ફીડરમાં ફોલ્ટ આવે ત્યારે ફોલ્ટ રીપેર કરવા માટે ક્રોસીંગ થતા ફીડરોમાં સલામતીના કારણોસર ઈમર્જન્સી શટડાઉન લેવો પડે છે.

૩.૭ ૧૧ કેવી જાગનાથ જ્યોતિગ્રામ ફીડરની પોતાની સર્કિટ લંબાઈ ૨૦ કિમીની હોવાથી તેમજ ગ્રામ્ય વિસ્તારમાંથી પસાર થતો હોવાથી આ જ ફીડરમાં વીજ-વિક્ષેપની શક્યતાઓ અર્બન ફીડર કરતાં વિશેષ જોવા મળે છે.

૩.૮ સદર ફરીયાદના નિવારણ માટે પીજીવીસીએલ નાયબ ઈજનેર માધાપર સબડીવીઝનને ટાઈમ બાઉન્ડ પ્રોગ્રામ બનાવીને ૧૯(ઓગણીસ) ક્રોસીંગ દૂર કરવાની સૂચના આપવામાં આવે છે.



Scanned by CamScanner

૩.૯ આ ૧૯(ઓગણીસ) ક્રોસીંગ દૂર કરવા માટે પ્રોજેક્ટ બનાવીને સક્ષમ અધિકારીની મંજૂરી મેળવીને ક્રોસીંગવાળા સ્થાનમાં ૧૧ કેવી એરીયલ બન્ચ કેબલ લગાવીને ઓવરહેડ ક્રોસીંગ દૂર કરવાની સૂચના આપવામાં આવે છે.

૪.૦ ૧૧ કેવી ક્રોસિંગ દૂર કરવા માટે નિયમ મુજબ તાંત્રિક મંજૂરી મેળવીને મટીરીયલ મેનેજમેન્ટનું એડવાન્સ પ્લાનિંગ કરીને તમામ૧૯(ઓગણીસ) ક્રોસીંગ આ ઓર્ડરની તારીખથી ૬૦(સાઈઠ) દિવસમાં પૂર્ણ કરવાની પીજીવીસીએલને સૂચના આપવામાં આવે છે.

૪.૧ અરજદારના પ્રતિનિધિની મૌખિક રજૂઆત મુજબ ફેબ્રુઆરી ૨૦૧૮થી ડીસેમ્બર ૨૦૧૮ સુધીમાં અરજદાર કંપનીને ૨૦૦ કલાકનું ઈન્ટરપ્શન આવેલ છે. જેનાથી કુલ ૯૬૦ ટન પ્રોડક્શનનું નુકશાન થયેલ છે.

૪.૨ અરજદાર ૧૩૫૦ કેવીએનું એચ.ટી. કનેક્શન ધરાવતા હોઈ તેમની ફરીયાદના કાયમી નિવારણ માટે નજીકના અન્ય ૬૬ કેવી સબસ્ટેશનમાંથી ૧૧ કેવી અન્ડરગ્રાઉન્ડ એક્સપ્રેસ ફીડરમાંથી તાંત્રિક રીતે શક્ય હોય તો અરજદાર દ્વારા ૧૧ કેવી અન્ડરગ્રાઉન્ડ એક્સપ્રેસ ફીડરની નિયમ મુજબ માંગણી કરીને જરૂરી મંજૂરી મેળવીને જરૂરી એસ્ટીમેટ ભરપાઈ કરીને એક્સપ્રેસ ફીડર મારફત પાવર મેળવી શકાય.

૪.3 અરજદાર દ્વારા પીજીવીસીએલના સક્ષમ અધિકારી સાથે તાંત્રિક શક્યતાઓની ચકાસણી કરીને વીજ વિક્ષેપની કાયમી સમસ્યાનું નિરાકરણ કરવા માટે આ તબક્કે ભવિષ્યનું પ્લાનિંગ કરવા માટે જરૂરી સૂચના આપવામાં આવે છે.

૪.૪ તાંત્રિક મર્યાદામાં ૨(બે) માસમાં તમામ વીજ-વિક્ષેપ દૂર કરવા માટે આ તબક્કે પીજીવીસીએલને જરૂરી સૂચના આપવામાં આવે છે.

૪.૫ અરજદારની ફરિયાદનો આ તબક્કે નિકાલ કરવામાં આવે છે.

Joshi. Nitinbh.

(એન. એચ. જોષી)
સ્વતંત્ર મેમ્બર

(જે.બી.પારેખ)
ચેર પર્સન

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ 3.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ 3.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-3૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯



Scanned by CamScanner